

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**હે પરમના ઉપાસકો ! હે અક્ષરધામના આરાધકો ! હે ગુણાતીતના બ્રહ્મજ્ઞાનીઓ ! હે સહજાનંદી ચૈતન્ય સ્વરૂપો !**

આપ બ્રહ્મસ્વરૂપ છો. આત્મા બ્રહ્મસ્વરૂપ છે, ચૈતન્યરૂપ છે. શ્રીજીએ તમને પ્રસાદીના ગણ્યા, સ્વામીએ તમને બ્રહ્મજ્ઞાન દીધું... શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસનાનાં પાન પાયાં અને યોગીબાપાએ સંકલ્પબળે પોષણ આપી સાહેબના શરણે સોંપ્યા. તમારી તમને ઓળખવાની સાધનાનો પ્રારંભ થયો. બસો વર્ષથી ચાલતી એ સાધના પૂર્ણગતિથી તમને તમારું સ્વરૂપ ઓળખાવી રહી છે. તમે કોણ છો ? આપનો પૃથ્વી પર પ્રગટ થવાનો હેતુ શું છે ? તે સમજાવી રહી છે.

તમારે કરવાની સાધનાનું સ્પષ્ટીકરણ થઈ રહ્યું છે. તમારો આત્મા તો બ્રહ્મસ્વરૂપ છે તે સત્યનો સ્વીકાર તમારું રોમરોમ સ્વીકારે તે સાધના છે. તમારો દેહ અને દેહના ભાવો તમને માયિકભાવમાંથી પ્રાપ્ત થયા છે, સ્થૂળભાવમાંથી તમે પ્રગટ થયા છો. તમારું દેહ–તમારું મન તે માયિક છે – માયામય જગતમાંથી નિપજેલું છે જેને તમારે શુદ્ધ કરી આત્માને અનુરૂપ બનાવી પ્રભુ પરમની સેવામાં સોંપવાનું છે જે તમારે પરિશ્રમ કરી, સાધના કરી હાંસલ કરવાનું છે. સ્થૂળ દેહના ભાવો અને પંચવિષયના રાગથી ઘેરાયેલો તમારો વિશુદ્ધ આત્મા સતત ઝંખે છે તે બેડીમાંથી મુક્ત થવા... તે આતમનાદને સૂણી તમારે તમારા આતમને વિશુદ્ધ કરવા મંડી પડવાનું છે. દેહભાવના ડાઘને ટાળવા જાગૃત થવાનું છે.

ત્રણ દેહથી તમે ઘેરાયેલા છો – સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ. સ્થૂળ દેહથી તમે ખૂબ સેવાઓ કરી છે. વચને તમારા દેહને કુરબાન કર્યો છે. દેહની વિટંબણાઓને ગણી નથી, દેહભાવ ઓગળી ગયો છે – એટલે સ્થૂળ જીતાઈ ગયું છે, સ્થૂળ ઉપર તમે વિજય પ્રાપ્ત કર્યો છે. આજે તમારા સ્થૂળને તમે તમારી આજ્ઞામાં વર્તાવો છો. રાતોની રાતો જાગરણ કરી તમે સોંપેલા કાર્યને પૂર્ણ કરવા મંડ્યા રહો છો, છ છ કલાક ધ્યાનમાં બેસી રહો છો. એક ધ્યેય પકડાઈ ગયું છે – 'સાહેબને પ્રસન્ન કરી લેવા છે'–તે ધ્યેયની દૃઢતાના બળે હવે સ્થૂળ જિતાઈ જતાં તમારી સાધનામાં તમને અવરોધ નથી કરતું અને સ્થૂળ દેહને તમે તમારી આજ્ઞામાં વર્તાવો છો.

હવે પ.પૂ. સાહેબ એક પગલું આગળ લે છે. સૂક્ષ્મને જુઓ, સમજો ને તેના પર વિજય પ્રાપ્ત કરો. સૂક્ષ્મમાં ઊઠતા ઘાટ–સંકલ્પો એ પણ દેહભાવ છે. તમારું સમગ્ર શુદ્ધ ન થાય ત્યાં સુધી સ્થૂળમાં જેમ અશુદ્ધિઓ હતી તેમ સૂક્ષ્મ ને કારણની પણ ખરી. સૂક્ષ્મના ભાવો એ મનમાં ઊઠે છે. મન જીતવાનું છે – કહ્યું છે 'જિતં જગત્ કેન મનો હિ યેન ।' જેણે મન જીત્યું તેણે જગત જીત્યું. મન જીતવા માટે સાહેબે મૌન અને ધ્યાનની પદ્ધતિ સમજાવી – તમે તમારા મનમાં ઊઠતા આવેગ–પ્રવેગ, ઘાટ–સંકલ્પ સર્વને તટસ્થભાવે જોયા કરો – તમે તે સર્વથી જુદા છો, આત્મા છો, બ્રહ્મરૂપ છો. તેથી તમારા વિશુદ્ધ આત્માને અને મનના ઘાટ–સંકલ્પને કોઈ સંબંધ નથી. 'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણં...' માનો અને આત્મારૂપે વર્તો. તો સ્થૂળ જીતાયું તેમ સૂક્ષ્મ પણ જિતાઈ જશે. મન પર તમારો કાબૂ આવી જશે... શુભનો–ઈષ્ટનો પ્રવેશ રહેશે, અનિષ્ટ ને અશુભનો સહજાવસ્થામાં નિષેધ થશે. તમે તે વિક્તિ કરવામાં કોઈ પ્રયત્ન નથી કરતા, કેવળ આત્મામાં સ્થિર છો, આત્મસત્તારૂપ વર્તો છો અને તે રીતે વર્તતાં આપોઆપ ત્રણ દેહથી ઊઠતા

સર્વ ભાવો શમી જાય છે ને કેવળ પ્રભુની સતત પ્રેરણા તમને દોરે છે. દેહના ભાવો જિતાઈ ગયા તો દેહભાવથી દોરાતો આત્મા હવે પરમાત્માની પ્રેરણાથી સતત ચાલે છે, ક્રિયા કરે છે, જુએ છે અને બ્રહ્મમાં વિચરે છે, બ્રહ્મસ્વરૂપે વર્તે છે.

આ પોષીપૂનમે આપણા માટે નવી ક્ષિતિજો ખુલી છે. છેલ્લાં પચ્ચીસ વર્ષની સાધના આપણને હવે એક ડગલું આગળ દોરે છે. પરમ પુરુષનો સાથ છે, તેઓને સ્પષ્ટ દર્શન છે – આપણે અત્યારે ક્યાં છીએ અને હવે ક્યાં જઈ રહ્યા છીએ તે તેઓને સ્પષ્ટ દર્શન મહારાજની કૃપાથી થઈ રહ્યું છે. આપણા સૌના આત્મા યોગીબાપાએ તેમને સોંપ્યા ત્યારથી તે આત્માની શી ગતિ થઈ રહી છે તેનું સ્પષ્ટ દર્શન પણ તેઓને કરાવ્યું છે – તેથી તેવા સર્વ આત્માઓનું તેઓ જતન કરી રહ્યા છે અને સમય આવતાં પગલે પગલે પ્રકાશ પાથરી દોરી રહ્યા છે. આપણી સાથે ચાલે છે, આપણા સૌને સથવારો આપે છે, આપણી ભૂમિકાએ વિચરે છે, બધું જ ગ્રહણ કરે છે ને છતાં નિર્લેપ વર્તે છે. તેઓમાં દેખાતી મનુષ્યભાવની લકીર પણ કેવળ ભાસ છે. તેઓ કેવળ મહારાજની મૂર્તિમાં રહી, દાસત્વભાવે પોતાના સમગ્રને વર્તાવી રહ્યા છે. આપણા સ્થૂળને જીતવા માટે આપણે જેમ આપણા દેહને તેઓની આજ્ઞામાં વર્તાવ્યો, તેઓના દેહની ભક્તિ કરી હવે આપણે સૂક્ષ્મને જીતવા માટે પણ તેઓની આજ્ઞામાં રહી સૂક્ષ્મદેહના ભાવોથી પર થવાનું છે. તેઓને પોતાનો આત્મા માની અને પ્રતિપળ જીવવાનું છે, અખંડ ધ્યાન કરવાનું છે. આંખો બંધ કરી ધ્યાનમાં બેસીએ ત્યારે સૂક્ષ્મમાં ઊઠતા ભાવોનું તટસ્થભાવે દર્શન કર્યું તેવી જ રીતે ખુલ્લી આંખે ક્રિયા કરીએ ત્યારે કેટલાંક વર્તન આપણાં સૂક્ષ્મથી દોરવાતાં હોય છે. કોઈને મળીએ, વાતચીત કરીએ, કાર્ય કરીએ ત્યારે સૂક્ષ્મના ભાવો મધ્યમાં આવે છે ને તે ભાવથી ક્રિયાઓ થાય છે. તે બંને પ્રકારની હોઈ શકે છે – ઈષ્ટભાવે ને અનિષ્ટભાવે. તે વિક્તિ કરવા કરતાં આપણે આત્મભાવે વર્તતા થઈ જઈએ તો સૂક્ષ્મ જિતાઈ જશે. પ.પૂ. સાહેબ જે કહે છે – 'તમે આત્મરૂપે વર્તતા થઈ જાવ અને તમારા અંતર જગતે ઊઠતી–ઘટતી ઘટનાઓથી અલિપ્ત રહીને દર્શન કર્યા કરો.' તે ઘટનાઓમાં તમારે ભળવાનું નથી, કેવળ જોવાની છે, તેનો પાસ પડવા દેવાનો નથી. કેવળ પ્રભુની મૂર્તિમાં સ્થિર રહીને આ કરશો તો જ તે સંભવ છે, માટે અંતર જગતમાં પ્રભુની મૂર્તિને સ્થાયી સ્થિર કરી દો.

બાહ્ય જગતમાં તમારું વર્તન પણ તેવા જ તટસ્થભાવે કરવાનું છે. ધ્યાનમાં જેમ તમે તટસ્થ રહી આવેગ–પ્રવેગ જોયા તેમ ખુલ્લી આંખે ક્રિયા કરવામાં પણ તમારો આત્મા – તમારા સત્પુરુષ તમારી સાથે છે ને તેમના દોરવ્યા તમે દોરાવ છો, તમારામાં ઊઠતા સર્વ ભાવો તેમની પ્રેરણા છે. તમે તો દાસ છો, તમે સમર્પિત છો, સ્વતંત્રપણે તમારામાંથી કોઈ ભાવ ઊઠવાને અસમર્થ થઈ ગયા છે. તમે તટસ્થ છો તેથી તમારા દ્વારા થતી સર્વ ક્રિયાઓ એ પ્રભુની પ્રેરણાનું પરિણામ છે. તમારા અંતરે ઊઠતી પ્રત્યેક વિચારધારા એ પ્રભુની પ્રેરણા છે. તમારો આત્મા નિર્લેપ છે, પ્રભુને સોંપાઈ ગયો છે. વિશુદ્ધ છે, મંગલ છે, પરમાત્મસ્વરૂપ છે, પરમાત્મામાં ઓગળી ગયો છે, ગુરુમાં સમાઈ ગયો છે. તમે નિરાકાર થઈ ગયા છો, તમે ગુણાતીતરૂપને પામી ગયા છો, તમે ગુણાતીત સ્વરૂપે સ્થિર થઈ ગયા છો.

**હે પરમ આત્માઓ !**

આપણે અક્ષરધામરૂપ છીએ ને અક્ષરધામરૂપ ન રહેવા દે તેવી સર્વ કસરોને ટાળવા સાધના કરી રહ્યા છીએ. દેહના સ્વભાવથી પર ઊઠી – સ્થૂળ જીતી – સૂક્ષ્મ પર વિજય પ્રાપ્ત કરી, કારણને પેલે પાર આત્મારૂપે વર્તી પરમાત્મામાં વિલીન થવાની આ સાધના ચાલી રહી છે.

આજનો પોષીપૂમનો મંગલકારી દિન... આ પરમ પુનિતપર્વ આપણને તે સમજ આપનારું પર્વ છે. મૂળજી શર્મામાંથી ગુણાતીત પ્રગટ થયા તે પર્વ. મૂળજી એ દેહધારી – બ્રાહ્મણ ને તેમાંથી ગુણાતીત – કેવળ મહારાજના દાસ પ્રગટ થયા. તે પર્વે આપણે સૌ પણ તે માર્ગે ચાલવા ને શ્રીજીને રોમેરોમે પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો છે તો સૌ જાગ્રત બની, સ્થૂળભાવ છોડી, સૂક્ષ્મ પર વિજય મેળવી કારણથી પર અક્ષરભાવમાં સહજ રહેતા થવા – સહજાનંદને રોમેરોમે પ્રગટ કરવા જાગ્રત બની, સતત જીવતા રહી, આપણી જાતના આપણા સૂક્ષ્મ અને કારણના ભાવોને સમર્પિત કરી દઈએ. આવું અશેષ ઉચ્ચ સમર્પણ આપણને મારા–તારા, પારકા–પોતાના, દિવ્ય–અદિવ્ય ભાવોથી પર લઈ જઈ, અખંડ સહજાનંદમાં રહેતા કરી દેશે – આજના આ પરમ મંગલપર્વે આપણે સૌ તે સ્થિતિમાં જવા કટિબદ્ધ બનીએ તેમાં પ્રભુના બળે – આ દિવ્ય સ્વરૂપોના આશીર્વાદે અને શાસ્ત્રીજી મહારાજ – યોગીબાપાના સંકલ્પે દોડ્યા જ કરીએ... ક્ષિતિજને પેલે પાર પહોંચી જઈએ ! ◆

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

*બ્રહ્મજ્યોતિ, ૧૫.૧.૯૫ (૧૯૯૫)*